૨

સને ૨૦૨૨-૨૩ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ ૧૦૦ કરોડ કે તેથી વધુ રકમની ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/CNI/e-file/17/2021/0002/B
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૪/૨૦૨૨

વંચાણે લીધોઃ

(૧) નાણાં વિભાગનો તા.૨૩/03/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંકઃખરચ/૧૦૨૦૨૧/૮૦૧/ઝ-૧

**-ઠ રા વ-**

નાણા વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભ હેઠળના પરિપત્રથી સનેઃ-૨૦૨૨-૨૩ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સુચનાઓ આપવામાં આવેલી છે.

૨. સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે આ વિભાગની વિવિધ યોજનાઓ કે જેનો સમાવેશ અંદાજપત્ર પ્રકાશનમાં થયેલ છે તેવી 3 વર્ષથી વધુ સમયથી ચાલુ હોય તેવી યોજનાઓના કિસ્સામાં રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની યોજનાઓને અને 3 વર્ષથી ઓછા સમયથી અમલમાં હોય તેવી યોજનાઓના કિસ્સામાં રૂ.૨૦ કરોડથી વધુ રકમની યોજનાઓને નીચે દર્શાવેલ શરતોને આધિન આ સાથેના દર્શાવેલ Statement-1 મુજબ વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

3. સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ જે ચાલુ યોજનાની સહાયની રકમમાં વધારાને નાણા વિભાગે ચાલુ બાબત તરીકે ગણીને સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે તેની વહીવટી મંજૂરી પણ આ સાથે આપવામાં આવે છે.

**શ ર તો**

(૧) પોતાના પ્રભાગની ચાલુ યોજનાઓનો અમલ કરતા પહેલા દરેક યોજનાની શરતો/વિગતોમાં અને અમલની પ્રક્રિયામાં કોઇ ફેરફાર કરવો જરુરી છે કે કેમ તે સંબંધિત ખાતાના વડાશ્રીઓએ અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) સાથે ચર્ચા કરી તેઓના દ્વારા જે સુધારા સુચવવામાં આવે તે મુજબ જે તે ચાલુ યોજનાઓનો અમલ કરવાનો રહેશે.

(૨) ચાલુ યોજનાઓમાં સહાય વધારા અન્વયે જે-તે યોજનાની શરતો/જોગવાઈઓમાં સુધારો કરવાનો થતો હોય તો તે અંગેના સૂચિત ઠરાવોના મુસદ્દા સાથે નાણા વિભાગની અલગથી મંજૂરી સબંધિત પ્રભાગે પોતાની ફાઈલ પર મેળવી લેવાની રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૩) બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહીવટી/તાંત્રિક મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૪) કેન્દ્ર પુરસ્કૃત યોજના અંગેની શેરીંગ પેટર્ન સહિતની જોગવાઈ/ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

(૧૫) યોજનાઓ હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.

(૧૬) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીઓની પસંદગી કરવાની રહેશે.

(૧૭) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રવધાન કરવાનું રહેશે.

(૧૮) સાધન/કીટ આપવાના કિસ્સામાં ખરીદી GeM પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદ કરવાની રહેશે.વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો એવી ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી NOC મેળવ્યા પછી જ ખરીદી

કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે ઉપરાંત સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧૯) નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.

(૨૦) યોજના C.M. Dashboard સાથે લીંક કરવાની રહેશે.

(૨૧) આ યોજનાઓ DBT પોર્ટલ પર ફરજીયાત નોંધવાની રહેશે.

(૨૨) યોજના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૨૩) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવે સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૨૪) સોશિયો ઈકોનોમીક ઈમ્પેક્ટ ઈવેલ્યુએશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૨૫) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૬) પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૨૭) કેન્દ્ર સહાયિત યોજનાઓમાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીઓને આપવાનો રહેશે.

(૨૮) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૨૯) યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવું નહીં અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી (સા.ન્યા) તેમજ અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ની તા.૦૪/૦૪/૨૦૨૨ અને સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગની તા.૦૫/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**( જી.પી.પટેલ )**
**નાયબ સચિવ (બજેટ)**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.**

બિડાણઃ- **Statement-1**

<u>નકલ રવાના:</u>

- મા. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મા. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મા. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- મા. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા. રા.ક. મંત્રીશ્રી (અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા. રા.ક. મંત્રીશ્રી (સા. અને શૈ.રીતે પછાતવર્ગો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા. ન્યા અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (આ વિભાગના બાંધકામની બાબતો માટે)
- સંયુક્ત/નાયબ સચિવશ્રી (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ./મહેકમ/રોકડ/કોમ્પ્યુટર), સા.ન્યા.અને અ.વિ; સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર.
- અશકતતા આયુકતશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ય પછાતવર્ગોનું પંચ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર..
- ઉપ સચિવશ્રી, (રોકડ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગ હેઠળના તમામ બોર્ડ/નિગમો
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઈલ

# STATEMENT- 1

**Social Justice and Empowerment Deparmtent**

**Name of the Office: DIRECTORATE OF SCHEDULED CASTE WELFARE GANDHINAGAR**

**LIST OF CONTINUOUS / ONGOING SCHEMES 2022 -23 (Above 100 crore)**

**(Rs. In Lakhs)**

| Sr. No. | Budget Head | | | | | Name of the Scheme | Components of the Schemes | Provision 2021-22 | Continues 2022-23 | Additional Amount in Countinuous Budget 2022-23 | Total Countinuous Budget 2022-23 | Budget Book page no. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Demand No | Major Head | Sub Major Head | Minor Head | Detailed Head | | | | | | | |
| 1 | 95 | 2225 | 01 | 277 | 05 | SCW-5 Scholarship/ Stipend (CSS 60:40%) | BCK-6.1 Post Matric Scholarship of GOI CSS 60% | 19109.29 | 0.00 | 0.00 | 0.00 | 375 |
| | | | | | | | BCK-6.1 Post Matric Scholarship of GOI STATE 40% | 13190.71 | 0.00 | 0.00 | 0.00 | |
| | | | | | | Total | | 32300.00 | 0.00 | 0.00 | 0.00 | |
| 2 | 95 | 2225 | 01 | 789 | 17 | SCW-46 Scholarship/ Stipend (CSS 60:40%) | BCK-6.1 Post Matric Scholarship of GOI CSS 60% | 0.00 | 20064.75 | 0.00 | 20064.75 | 141 |
| 3 | 95 | 2225 | 01 | 789 | 18 | | BCK-6.1 Post Matric Scholarship of GOI STATE 40% | 0.00 | 13376.50 | 0.00 | 13376.50 | |
| 4 | 95 | 2225 | 01 | 789 | 19 | | BCK-6.1 Post Matric Scholarship of GOI Additional state Liability | 0.00 | 2058.75 | 0.00 | 2058.75 | |
| | | | | | | Total | | 0.00 | 35500.00 | 0.00 | 35500.00 | |
| | | | | | | 2225 | | 32300.00 | 35500.00 | 0.00 | 35500.00 | |

**STATEMENT- 1**

**Name of the Office: DIRECTOR OF DEVELOPING CASTE WELFARE**

**LIST OF CONTINUOUS / ONGOING SCHEMES 2022-2023 ( ABOVE Rs. 100 CRORES )**

| DEMAND NO : 92 | | | | | | | | | | | | | | (Rs.In lakh) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Sr. No | Demand No. | Major Head | Sub Major Head | Minor Head | Planning Code | Sub Head | Scheme No | Name of the scheme | Caste | Provision 2021-22 | Continue 2022-23 | New Item | Total | Budget Book page No |
| **2225 WELFARE OF SCHEDULED CASTE, SCHEDULED TRIBES, OTHER BACKWARD CLASSES AND MINORITIES** | | | | | | | | | | | | | | |
| | | | | | | | | 277 EDUCATION | | | | | | |
| 1 | 92 | 2225 | 03 | 277 | 177500 | 01 | **OBC- 1** | **Incentives for Pre-Matric Education OBC students (Scholarship, Uniform , Cycle etc.)** | | | | | | |
| | | | | | | | BCK-76 | State Scholarship for Pre SSC students | SEBC | 10000.00 | 11000.00 | 6000.00 | 17000.00 | 13 |
| | | | | | | | | | EBC | 2000.00 | 2500.00 | 1250.00 | 3750.00 | |
| | | | | | | | BCK-77 | Scholarship to SEBC students studying in std. I to IV | SEBC | 5000.00 | 5000.00 | 0.00 | 5000.00 | |
| | | | | | | | BCK-85 | Free Books and Clothes to students studying in std. I to VII | SEBC | 12000.00 | 13000.00 | 6000.00 | 19000.00 | |
| | | | | | | | | | EBC | 2400.00 | 2900.00 | 1200.00 | 4100.00 | |
| | | | | | | | BCK-351 | Scholarship to EBC students studying in std.I to IV | EBC | 700.00 | 800.00 | 0.00 | 800.00 | |
| | | | | | | | BCK-97 | Free cycles to girls students in std. IX (Sarasvati Sadhana Yojana ) | SEBC | 5435.00 | 5200.00 | 0.00 | 5200.00 | |
| | | | | | | | | | EBC | 900.00 | 1000.00 | 0.00 | 1000.00 | |
| | | | | | | | | **Total** | **SEBC** | **32435.00** | **34200.00** | **12000.00** | **46200.00** | |
| | | | | | | | | | **EBC** | **6000.00** | **7200.00** | **2450.00** | **9650.00** | |
| | | | | | | | | | **Total** | **38435.00** | **41400.00** | **14450.00** | **55850.00** | |
| 2 | 92 | 2225 | 03 | 277 | 177512 | 11 | **OBC- 5** | **Grant In Aid to voluntary organization (NGO) for Hostel and Ashram Shala** | | | | | | |
| | | | | | | | BCK-88 | Grant in aid to Backward Class Hostels | SEBC | 7700.00 | 6900.00 | 4014.67 | 10914.67 | 14-15 |
| | | | | | | | BCK-89 | GIA to B.C boys Hostel for building construction | SEBC | 8.00 | 8.00 | 0.00 | 8.00 | |
| | | | | | | | BCK-90 | GIA to B.C girls Hostel for building construction | SEBC | 4.00 | 4.00 | 0.00 | 4.00 | |
| | | | | | | | BCK-94 | Ashram schools for B.C Boys | SEBC | 8450.00 | 6850.00 | 1676.40 | 8526.40 | |
| | | | | | | | | **Total** | **SEBC** | **16162.00** | **13762.00** | **5691.07** | **19453.07** | |
| 3 | 92 | 2225 | 03 | 277 | 177505 | 28 | **OBC- 4** | **Govt. of India's Post- matric scholarship to OBC students ( 100 % CSS )** | | | | | | |
| | | | | | | | BCK-81A | Centrally Sponsored Scheme Govt. of India Post-metric scholarship for Hosteler students | SEBC | 8500.00 | 8000.00 | 0.00 | 8000.00 | 17 |
| 4 | 92 | 2225 | 03 | 277 | 177505 | 40 | **OBC- 4** | **Govt. of India's Post- matric scholarship to OBC students ( Addictional State Liability )** | | | | | | |
| | | | | | | | BCK-81A | Centrally Sponsored Scheme Govt. of India Post-metric scholarship for Hosteler students | SEBC | 0.00 | 2500.00 | 0.00 | 2500.00 | 18 |
| 5 | 92 | 2225 | 03 | 283 | 178040 | 01 | **OBC- 14** | **Pandit Dindayal Upadhyay Awas Yojana** | | | | | | |
| | | | | | | | BCK-298 | Financial Assistance for housing on individual basis including repair | SEBC | 8200.00 | 10000.00 | 0.00 | 10000.00 | 20 |
| | | | | | | | | | EBC | 800.00 | 950.00 | 0.00 | 950.00 | |
| | | | | | | | | | **Total** | 9000.00 | 10950.00 | 0.00 | 10950.00 | |
| | **6225 Loans for Welfare of Scheduled Caste, Scheduled Tribes, Other Backward Classes and Minorities** | | | | | | | | | | | | | |
| | | | | | | | | **80 General** | | | | | | |
| | | | | | | | | **190 Loans to Public Sector and Other undertaking** | | | | | | |
| 6 | 92 | 6225 | 80 | 190 | | 01 | **GEN** | Loans to Gujarat Unreserved Educationally and Economically Development Corporation | General | 50000.00 | 50000.00 | 0.00 | 50000.00 | 75 |
| | | | | | | | | **TOTAL** | | **122097.00** | **126612.00** | **20141.07** | **146753.07** | |

## Social Justice and Empowerment Department

## Name of the Office: DIRECTOR OF SOCIAL DEFENCE

## LIST OF CONTINUOUS / ONGOING SCHEMES 2022-2023 ( ABOVE Rs. 100 CRORES )

## Demand No. 92, 95 and 96

( Rs. In Lakhs )

| Sr. No. | Budget Head | | | | | | Name of the Scheme | Components of the Scheme | Budget Estimates 2021-22 | Budget Estimates 2022-23 | Budget Book Page No. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Demand No. | Major Head | Sub-Major Head | Minor Head | Sub-Head | Detailed Head | | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 1 | 92 | 2235 | 02 | 101 | 01 | 00 | 092 : 2235 : 02 : 101 : 01 ( SSW-05 Disable Welfare) ( Scholarship , Aids and appliance, G.I.A., C.B.R., Santsurdas Pension & Insurance Scheme) | Scholarship | 120.00 | 120.00 | 40 & 41 ( Budget Book 24-I ) |
| | | | | | | | | Prosthetic aids and Appliance | 800.00 | 785.00 | |
| | | | | | | | | Scheme for physically Handicapped | 7528.73 | 6288.59 | |
| | | | | | | | | Community based rehabilitation programme | 0.00 | 0.00 | |
| | | | | | | | | Polio Operation | 0.00 | 0.00 | |
| | | | | | | | | better employment to disables | 0.00 | 0.00 | |
| | | | | | | | | F.A. to person with disability - Sant Surdas Scheme | 2917.00 | 3577.40 | |
| | | | | | | | | Insurance policy | 10.00 | 35.00 | |
| | | | | | | | | Total : 01-SSW-05 | 11375.73 | 10805.99 | |
| 2 | 92 | 2235 | 02 | 200 | 02 | 00 | 092 : 2235 : 02 : 200 : 02 ( SSW-09 Indira Gandhi National Old Age Pension Scheme ) - 100% C.S.S. | Indira Gandhi aged assistant and national aged pension yojna - C.S.S. Share | 10506.00 | 10506.00 | 52 & 53 ( Budget Book 24-I ) |
| 3 | 92 | 2235 | 02 | 200 | 06 | 00 | 092 : 2235 : 02 : 200 : 06 ( SSW-09 State Contribution to Indira Gandhi National Old Age Pension Scheme ) - 100% State | Indira Gandhi aged assistant and national aged pension yojna - State Share | 37097.00 | 35850.00 | 54 & 55 ( Budget Book 24-I ) |
| 4 | 95 | 2235 | 02 | 789 | 02 | 00 | 095 : 2235 : 02 : 789 : 02 ( SSW-09 State Contribution to Indira Gandhi National Old Age Pension Scheme ) - 100 % State | National Old age Pension Scheme - State Share | 12648.00 | 12648.00 | 166 ( Budget Book 24-II ) |
| 5 | 96 | 2235 | 02 | 796 | 23 | 00 | 096 : 2235 : 02 : 796 : 23 ( SSW-09 State Contribution to Indira Gandhi National Old Age Pension Scheme ) - 100 % State | National Old age Pension Scheme - State Share | 20785.06 | 20785.06 | 170 ( Budget Book 24-IV ) |
| | | | | | | | Gross Total : 92, 95 & 96 | | 92411.79 | 90595.05 | |